Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN: 2321- 4708
April 2016, Year - 4 (36)
Paper ID: RRJ175142

# નિરંજન ભગતની કવિતામાં પ્રતીક, કલ્પન અને પુરાકલ્પન

ક્રિષ્ણાબેન કે. શાંડપા
આસીસ્ટન પ્રોફેસર
ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

'છંદોલય' એ નિરંજન ભગતનો એક મૂલ્યવાન કાવ્યસંગ્રહ છે. આ સંગ્રહની ૧૯૩૩ થી ૧૯૪૮ સુધીની કવિતામાં પ્રણય અને પ્રકૃતિ કાવ્યના વિષયો તરીકે આવે છે.'સોણલું', 'સ્વપ્ન', 'રદયની ઋચાઓ', 'સુધામય વારૂણી', 'કોને?", "મૃત્તિકા', 'એક સ્મિતે', 'મૌન', 'અશ્રુ', 'રે પ્રિત', 'વિદાય', 'અંતિમ મિલન', 'તું હતી સાથમાં' વગેરે કાવ્યોમાં સ્વપ્નીલ યુવકની મુગ્ધતા, એની આશા અને ઉલ્લાસ, હતાશા—નિરાશા, વ્યર્થતા, પોકળતા ઈત્યાદિ ભાવો સરળ રીતે નિરૂપાયા છે.

- **પ્રતીક**

કવિ નિરંજન ભગતે સૂર્યાસ્ત, અંધકાર, માછલી, પાત્રો, કરોળિયો, મોર... મહેદ પ્રતીકોનો કાવ્યાત્મક સ્તરે થયેલાં વિનિયોગ વિશેષ જોવા મળે છે.

'કરોળિયો' કાવ્યરચનામાં કરોળિયો જેમ અલિપ્ત અળગો રહે છે તેમ આધુનિક માનવ પણ ભર્યો માનવમેળામાં એકલતાનો અનુભવ કરે છે. જે કવિ નિરંજન ભગત પ્રતીકાત્મક શૈલીથી રજૂ કર્યું છે. આવી જ દ્વિતીય રચના 'મોર' જે વ્યથા દ્વારા આધુનિક માનવની વ્યથા છતી થતી જોઈ શકાય છે. સમગ્ર રચનામાં 'મોર' વ્યથાના પ્રતીકરૂપે પ્રયોજાયેલું જોઈ શકાય છે.

'એકવેરિયમમાં' કાવ્યમાં 'માછલી' પ્રતીકરૂપે આવે છે. આ માછલીના પ્રતીક દ્વારા નગરવાસીઓની દયનીય દશાને કવિએ વ્યંજિત કરી છે.

"સદાય વેગમાં જ પંથ કાપવા ન થોભવું કે ન સોચવું."(છંદોલય પૃ.૧૬૫)

એકવેરિયમ્ની માછલી જે રીતે વિશાળ સમુદ્રના પાણીમાં કરેલા વિહારને તરંગને, સૂર્યપ્રકાશને યાદ કરતી નથી તે રીતે નગરવાસી તેના નૈસર્ગિક જીવનને યાદ કરતો નથી. કેવળ જીવ્યે જાય છે. સમયના પ્રવાહમાં તણાયે જાય છે. કવિએ નગરવાસી અને એકવેરિયમુની માછલીની સ્થિતિના સામ્યને આ પંક્તિઓ દ્વારા નિર્દેશ્યું છે:

"મનુષ્ય (કાચ પાર હું સમા ઘણાં અહી ફરે
ન કોઈ જેમનાં પ્રદર્શનો ભરે!)
કને જ આ કલા ભણી
અગમ્ય શી ગણી... ."(છંદોલય પૃ.૧૪૫)

 ISSN: 2321- 4708
April 2016, Year - 4 (36)
Paper ID: RRJ175142

એકવેરિયમમાં માછલીને પૂરી શકાય છે. માણસને નહીં અહીં ઉપરોક્ત પંક્તિ દ્વારા કવિએ કટાક્ષ કર્યો છે. માછલી અને માણસ વચ્ચે અંતર એ જ છે કે માછલીને પૂરી શકાય છે. માણસને નહીં. અહીં કૌંસમાં મૂકાયેલી પંક્તિ પણ પ્રતીકાત્મક રીતે મુક્ત દેખાતા માનવીની કૌંસ દશા સૂચવી જાય છે.

**●કલ્પન**

કવિ નિરંજન ભગતે આધુનિક કવિતામાં નાવીન્યસભર કલ્પન પ્રયોજ્યા છે. ‘મુંબઈનગરી' રચનામાં નગરના વિસ્તાર, એની બરછટતા, સંવેદનશૂન્યતા, યાંત્રિકતલ, નિર્વીયપણાને માત્ર ‘મગરી’ના કલ્પન દ્વારા જ કેવું સૂચવી દેવાયું છે?”

“ચલ મન મુંબઈનગરી
જોવા પુચ્છ વિનાની મગરી.” ( છંદોલય પૃ.૧૪૧)

'મગરી' શબ્દ મગર માટે પ્રયોજાયો છે. દશ્યકલ્પન પ્રયોજાય છે. આ નગરને પચ્છ વગરની મગરી કહીને નગરના લોકોની વાત કરી છે.

"એરોડ્રામ પર' સ્થળ સન્દર્ભ લખાયેલી રચનાનો ઉલ્લેખ કરવો જોઈએ. અહી વિમાન અને પક્ષીનું સાદશ્ય રજૂ કરાયું છે. અહીં વિમાન અને પક્ષી બંને આકાશમાં ઊડે છે. વિમાન પર્ણહીન વૃક્ષ–એરોડ્રામ પર ઊતરી આરામ કરે છે; પાંખ પ્રસારે છે, પરંતુ બંને વચ્ચે અંતર માત્ર આટલું જ:

“પરંતુ શું સુભાગ્ય કે ઈડું ન મેલતું!....(છંદોલય પૃ. ૧૪૬)

અહીં કવિએ સુંદર કલ્પના કરી છે. 'કાફેમાં’ સ્થળવિષયક રચનામાં કવિએ વ્યથાભાવને સુંદર મજાનો કલ્પન દ્વારા સાકાર કરી આપ્યો છે:

“કો ભગ્ન નૌકા તટ નાંગરી રહી;
કોફી નહીં, ત્યાં કપમાં હતી વ્યથા…"(છંદોલય પૃ. ૧૪૬)

'આંધળો' કાવ્યરચનામાં પૃથ્વીલોકની પ્રશંસા સ્વર્ગમાં સાંભળીને પૃથ્વીલોકમાં આવવાની લ્હાયમાં કીકીઓ ભૂલી ગયો કલ્પદ્રુમની છાંયમાં એમ કહી સુંદર કલ્પન પ્રયોજયું છે.

‘‘મેં આ જગતની કેટલી કીર્તિ સુણી’તી સ્વર્ગમાં
તે આવવાની લ્હાયમાં ને લ્હાયમાં,
હું કીકીઓ ભૂલી ગયો ત્યાં કલ્પદ્રુમની છાંયમાં!”(છંદોલય પૃથ્વીરાજ. ૧૬૬)

આમ, કવિ નિરંજન ભગતે દૃશ્ય કલ્પન ને શ્રાવ્ય કલ્પન કવિતામાં અર્થસભર અને નાવીન્ય રીતે પ્રયોજયા છે.

**● પુરાકલ્પન**

પુરાકલ્પનનો પ્રયોગ કવિ નિરંજન ભગતે કવિતામાં કર્યો છે. ‘મુંબઈનગરી', 'આધુનિક અરણ્ય', 'ફ્રોકલેન્ડ રોડ'. 'ફાઉન્ટનના બસસ્ટોપ પર', 'આંધળો' બીજી અનેક રચનાઓમાં પુરાકલ્પનનો પ્રયોગ જોઈ શકાય છે. કવિ નિરંજન ભગતે મોટાભાગે 'ઈંદ્ર', ‘સ્વર્ગ', 'ઈંદ્રજાલ', ‘ઈન્દ્રધનુ', ‘પુરંદર' વગેરે પુરાકલ્પન કવિતામાં આવે છે.”

‘મુંબઈનગરી' કાવ્યરચનામાં કવિએ મહાનગરની સામગ્રીને સ્વર્ગ તણી સામગ્રી કહી છે:

“સિમેન્ટ, કોંકીટ, કાચ, શિલા,
તાર, બોલ્ટ, રિવેટ, સ્ક્રૂ, ખીલા;
ઈન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ સૌ સ્વર્ગ તણી સામગ્રી !” (છંદોલય પૃ. ૧૪૧)

અહીં ‘ઈન્દ્રજાલ' અને 'સ્વર્ગ' શબ્દ પ્રયોજી મહાનગરનો વૈભવ દર્શાવ્યો છે. આ વૈભવ વિનાસને સર્જે છે. સ્વર્ગની કથાઓ સાંભળી છે. જેમાં અપ્સરાઓના નૃત્ય ને સુંદર દશ્યોનાં વર્ણન, વગેરે કથાઓમાં વાંચ્યા છે. આ મહાનગરનો વૈભવ પણ સ્વર્ગ સમાન ગણાવીને મુંબઈનગરીની વાત કરી છે.

'આધુનિક અરણ્ય' રચનામાં કાવ્યના અંત ભાગમાં અને કાવ્યનાં આરંભમાં પુરાકલ્પન પ્રયોજીને કવિએ આધુનિકતા નગરસંસ્કૃતિ દર્શાવી છે. અહીં કવિએ ‘ઈન્દ્રધનુ' અને ‘પુરંદર' શબ્દ આપીને પુરાકલ્પન પ્રયોજયું છે.

“શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટે રચ્યું;
ધરાતલ પરે ન ઈન્દ્રધનુ લોહાનું હો લચ્યું!”(છંદોલય પૃ. ૧૪૨)

‘મુંબઈનગરી' રચનામાં નગરને સ્વર્ગ સાથે સરખાવે છે. તો બીજીબાજુ ‘આધુનિક અરણ્ય' રચનામાં નગરનું જંગલ સાથે સામ્ય જોયું છે. કવિને આ નગર એક એવું અરણ્ય સમં ભાસે છે કે જેમાં હિંસા પશુઓની જેમ અસંખ્ય માનવીઓ ધૂમતા દેખાય છે. જો રદ્દ પથ્થર, સિમેન્ટ, કાંચ. કાંકરેટની આ નગરી રચાઈ છે. જેને ઈન્દ્રધન સાથે સરખાવી છે. તો કવિતાનાં અંતમાં કવિ કહે છે :

“અરણ્ય? છલ આ ? રહસ્ય? ભ્રમણે અટૂલો ચડયો
પુરંદર સ્વયં અહીં નહિ શું હોય ભૂલો પડયો..”(છંદોલય પૃ. ૧૪૨)

સ્વર્ગમાં ઈન્દ્રના છલની કથાઓ આપણે સૌ જાણીએ છીએ તેમ અહીં આ નગરમાં પણ પુરંદર (ઈન્દ્ર) સ્વયં ભૂલો નહિ હોય પડયો ? પ્રશ્નાર્થ સાથે પુરાકલ્પન પ્રથાજ નગરસંસ્કૃતિ વ્યક્ત કરી છે. તો ‘ફ્રોકલેન્ડ રોડ' રચનામાં પ્રાચીન મંદિર 'વાલકેશ્વર'નો ઉલ્લેખ કરેલો જોઈ શકાય છે.

'ફાઉન્ટનના બસસ્ટોપ પર' કાવ્યરચનામાં બસસ્ટોપ પર નજર કરતા અસંખ્ય માણસ મહેરામણ જોઈને કવિને મનમાં અનેક પ્રશ્ન થાય છે. આ મહાનગરમાં અસંખ્ય લોકો આમ-તેમ દોડે છે તેમ છતાં ન ચીસ કે ન બૂમ સંભળાતી નથી. અહીં જયેષ્ઠ પાંડવનો શબ્દપ્રયોગ જોઈ શકાય છે.

ISSN: 2321- 4708
April 2016, Year - 4 (36)
Paper ID: RRJ175142

"જે બધું સૂણ્યું હતું જ જયેષ્ઠ પાંડવે,
સુણાય એવું તો કશુંય આ અનન્ય તાંડવે."(છંદોલય પૃ. ૧૫૧)

'પાંડવ' અને 'તાંડવનાં અંત્યાનુપ્રાસ દ્વારા કવિએ મહાભારતમાં આવતા પાંડુ પુત્રની વાત કરી છે. જયેષ્ઠ પાંડવ ધર્મરાજ યુધિષ્ઠરનો ઉલ્લેખ કરી મહાનગર વિશે વાત કરે છે.

'મધ્યાહ્ન' કાવ્યરચનામાં પણ મહાનગરનો વૈભવને પુરાકલ્પન દ્વારા સમજાવે છેઃ "સૃષ્ટિ આ
સપ્તરંગી જે સોહે છે ઈન્દ્રજાલ શી."(છંદોલય પૃ. ૧૭૪)

અહીં કવિએ આ મહાનગરની સમૃદ્ધ અને સૃષ્ટિને ઈન્દ્રની માયાજાળ જેવી કહી છે. કવિ નિરંજન ભગતે નગરસંસ્કૃતિની વાત પુરાકલ્પન દ્વારા મૂકી આપી છે.

આમ, આધુનિક કવિ નિરંજન ભગતની કવિતામાં આધુનિકતાના લક્ષણોનું દર્શન થાય છે. કવિએ ભાષા-અભિગમને બરાબર પ્રમાણેલો છે અને કવિની ભાષાને યથાર્થ સ્વરૂપે તેમણે 'વ્યક્તિવિભાષા' ગણી છે. સમૂહની સરજત-સ્વરૂપ ભાષાને કવિ ઉપયોગમાં લે છે ત્યારે શબ્દનું સ્વરૂપ બદલાઈ જાય છે. શબ્દનો સર્વસાધારણ અર્થ એનો એ નથી રહેવા પામતો, તેનું કાવ્યમાં 'પરિવર્તન, પરાવર્તન, રૂપાન્તર' થાય છે. કવિ પોતાના અનુભવ અને દર્શનને અનુરૂપ આકાર અને વર્ણન રચે છે. તે શબ્દમાં સંકેત, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, ધ્વનિ, રસ અને સૌંદર્ય સર્જે છે. કવિની કવિતામાં પ્રયોગશીલતા, ભાવસંવેદનો અને માનવીય સંવેદનોને કવિએ નાવીન્ય શૈલીથી વર્ણવી આપે છે.

સંદર્ભસૂચિ

1. છંદોલય - લે.નિરંજન ભગત, વોર એન્ડ કમ્પની, અમદાવાદ-1, દ્વિ.આ-૧૯૭૪
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - રમેશ ત્રિવેદી, આદર્શ પ્રકાશન, અમદાવાદ ૩૮૦ ૦૦૧, ચોથી આ.૨૦૦૬